સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

કોઈ પણ આંદોલનમાં નેતાઓ ફૂટી જાય છે,
કરોડોની કમાણી કરી, વિશ્વાસ લૂટી જાય છે,
ટૂટી જાય સંગઠન, આત્મહત્યા કરે એકતા -
કઠોડે ચડે કાર્યકરોને નેતા છૂટી જાય છે!
(પાટીદાર નેતાઓ તરફ શંકાના ભાલા)

હાઈકુ

કરોડો જોઈ,
ભંભૂટીયા નેતાઓ
જાય ગબડી!
(યતિત નેતૃત્વ)

દઈ દે દગો,
એ જ્ઞાતિ-સમાજ ને
ભાંકી દે છરી
(વિશ્વાસઘાત)

ચિંતન

ઈયમુન્નતસત્વશાલિનાં મહતાં કાપિ કઠોરચિત્તતા ।
ઉપકૃત્ય ભવન્તિ દૂરતઃ પરતઃ પ્રત્યુપકાર શક્કયા ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

ઉત્તમ સત્વગુણથી શોભનારા મહાપુરુષોમાં ચિત્તમાં કોઈ એક એવી કઠોરતા રહેલી છે કે, તેઓ બીજાઓના ઉપકાર કરીને, પછી 'તેમના તરફથી રખે પાછો ઉપકાર થાય' એવી શંકા રાખીને તેમનાથી દૂર રહે છે.

સાધુ-સંત-સજ્જન બદલાની અપેક્ષા વિના જ પરોપકાર કરતા રહે છે પોતે કરેલા ઉપકાર પણ ભૂલી જાય છે.

સાત્ત્વિક સ્વભાવના સજ્જન લોકો આવી વૃત્તિને મજબૂત રીતે પકડી રાખે છે.

સુવિચાર

- ભૂલો જયારે થાય છે ત્યારે પીડાદાયક હોય છે પણ અમુક વર્ષો બાદ ભૂલોનો એ સંગ્રહ અનુભવ તરીકે ઓળખાય છે - **ચિત્રલેખા**
- માનવીની ઊંચાઈ તેના ગુણોને લીધે મપાય છે, ઊંચી જગ્યાએ બેસવાથી માનવી ઊંચો થઈ જતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- સ્વાદની લાલચ છોડો તો શરીર ને ફાયદો, વિવાદની આદત છોડો તો સંબંધ ને ફાયદો, ચિંતા છોડો તો આત્માને ફાયદો - **ગુણવંત શાહ**
- પ્રશંસાની ભૂખી વ્યક્તિ એ સાબિત કરે છે કે પોતે યોગ્યતા માટે કંગાળ છે - **કુમારપાળ દેસાઈ**
- સફળ માનવીએ જે તૂટેલી ચીજ ને બનાવી શકે છે અને નારાજ થયેલી વ્યક્તિને મનાવી શકે છે - **જનકલ્યાણ**
- કયારેક મોઢું બંધ રાખીને મનને ખુલ્લું રાખવું સારું ગણાય - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : હોઠ ફાટી ગયાં હોય તો પપૈયાનો રસ લગાવવાથી ભેજ જળવાશે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક રાજાએ કબીર પાસે જઈ કહ્યું મને સાંસારિક બંધનોમાંથી મુક્ત કરાવો. કબીરે કહ્યું, 'મહારાજ તમે તો રોજ રાજપુરોહિત પાસે રોજ કથા વાંચન કરાવો છો, અને તમે પણ કથા સાંભળો છો.' રાજા કહે, કથા સાંભળી તો છે પણ ઈશ્વર દર્શન નથી થતાં અને મન પણ અશાંત છે. કંઈક રસ્તો બતાવો.'

કબીરે કહ્યું, આવતીકાલે પુરોહિતની કથાના સમયે હું પણ આવીશ, જોઈએ હું કંઈક આપની ચિંતાનો ઉકેલ લાવી શકું? કબીર પહોંચ્યો, રાજ પુરોહિત કથા વાંચન કરતા હરતા. કબીરે કહ્યું, 'રાજાને એક થાંભલા સાથે દોરડા વડે બાંધી દો. અને રાજપુરોહિતને બીજા થાંભલા સાથે દોરડા વડે બાંધી દો.' બંનેને થાંભલે બાંધી દેવાયા. પછી કબીરે રાજ પુરોહિતને કહ્યું, 'તમે હવે થાંભળો બંધાયેલા રાજાને છોડાવો.' રાજપુરોહિતે કહ્યું, 'મહારાજ હું ખુંદ બંધાયેલું છું. તો રાજાને કેવી રીતે છોડાવી શકું?' કબીરે રાજાને કહ્યું, 'રાજન, તમે રાજપુરોહિતને છોડાવી દો.' રાજાએ પણ એ જ જવાબ આપ્યો, 'કબીરે સમજાવતાં કહ્યું, 'પુરોહિત ખુદ કર્મના બંધનમાં ફસાયેલા છે.' જન્મ મરણથી તેઓ હજી મુક્ત થી શક્યા નથી તો તમને સંસારમાંથી કેવી રીતે મુકત્ કરાવી શોધો કે જેઓ બંધનોથી મુક્ત થવું હોય તો એવા પ્રભુના સાચા ભક્ત શોધો કે જેઓ ખુદ જન્મ-મરણના બંધનથી મુક્ત હોય.'

રાજાએ કબીર વાણી સાંભળી કાન પકડ્યા.

પ્રણવ બાબુનો રાષ્ટ્રવાદ વધુ વ્યાપક છે

તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના તાલીમ શિબિરની પૂર્ણાહૂતિ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી જે મનનીય ઉદ્બોધન કર્યું તે અનેક સંદર્ભે અગત્યનું બની રહેશે. કોંગ્રેસ સાથે અડધી સદીથી વધુ સમય સક્રિય ભૂમિકામાં રહેનારા પ્રણવબાબુ સંઘના કાર્યક્રમમાં હાજરી આપવા સહમત થયા તે જ ઘણા બધાને મન આશ્ચર્યકારક ઘટના હતી. કોંગ્રેસી વર્તુળોમાં એમના આ નિર્ણયની આડીઅવળી નોંધ પણ લેવાઈ. ટીકા પણ થઈ. કોઈએ પત્ર લખીને કાર્યક્રમમાં નહીં જવાની સલાહ આપી. સી.કે. જાફર શરીફ પ્રણવ મુખર્જી સાથે વર્ષો સુધી ઈંદિરા ગાંધી અને નરસિંહરાવ તથા રાજીવ ગાંધીના મંત્રીમંડળના સાથી રહ્યા છે. એમણે હકપૂર્વક પ્રણવદાને આજીજી કરી કે સંઘના કાર્યક્રમમાં જશો તો એના અવળા પ્રત્યાઘાત પડશે. ખુદ પ્રણવદાનાં કોંગ્રેસી પુત્રી શર્મિષ્ઠાએ પિતાને રોકવા પ્રયાસ કર્યો. અહમદ પટેલ અને સોનિયા ગાંધી સુધ્ધાં આ મુદ્દે નારાજગી પ્રગટ કરતાં રહ્યાં છતાં બંગાળી બાબુ આરએસએસના વડાને આપેલ ખાતરી મુજબ નાગપુર પહોંચ્યા અને સંઘ સ્થાપક ડૉ. કેશવ બલીરામ હેડગેવારના ઘરની મુલાકાત ઉપરાંત શિબિર સ્થળે ઉપસ્થિત રહી ઐતિહાસિક કહી શકાય એવું વ્યાખ્યાન પણ આપ્યું. આ પ્રણવ મુખરજી જેવા રાષ્ટ્રપુરુષને શોભે એવો વ્યવહાર હતો. પોતે કોંગ્રેસી વિચારધારાને વરેલા હોવાથી ભિન્ન વિચારસરમી ધરાવતા સંઘ જેવા સંગઠનના કાર્યક્રમમાં જઈ જ ન શકે, સંકુચિત અવધારણાનો એમણે પોતાના આ વર્તનથી છેદ ઉડાડી દીધો. પ્રણવદાને સંઘના મહેમાન તરીકે જે વ્યાખ્યાન આપ્યું એમાં કયાંક કોંગ્રેસે સ્વીકારેલી વ્યાપક રાષ્ટ્રભાવના સિવાયની કોઈ જ વાત નહોતી. સંઘ અને એની રાજકીય પાંખ જેવા ભાજપ સામે જે આક્ષેપો થાય છે તેવા 'હિંદુ રાષ્ટ્ર' ની વાત પણ નહોતી. એમણે તો ભારતમાં રાષ્ટ્રવાદની પરિભાષા જ અન્ય દેશો કરતાં અલગ અને અત્યંત વ્યાપક હોવાની વાત કરી. સાચા હિંદુ કે હિંદુસ્તાની માટે તો વસુધૈવ કુટુમ્બકમ્ - આખી દુનિયા એક પરિવાર સમાન હોવાનો ખુલાસો કરીને એમણે સંકુચિત રાષ્ટ્રવાદનો આડકતરી રીતે છેદ જ ઉડાડી દીધો ગણાય. એમણે ભારતના ભવ્ય અને ભાતીગળ વારસામાં ફક્ત એક જ વિચાર નહીં પરંતુ બહારથી આવેલા પ્રજાઓની સંસ્કૃતિઓનો પણ સમન્વય સધાયો હોવાનું વિશદ નિરુપણ કરી આપણી સંસ્કૃતિની વ્યાપકતાનો ખ્યાલ આપ્યો હતો. રાષ્ટ્રભક્તિના પાઠ તો આપણે આપણા એ મહાન પૂર્વસૂરિઓ પાસેથી શીખવાના હોય. પ્રણવદાએ છેક વેદ-ઉપનિષદના ઋષિથી લઈ ટાગોર સુધીના મનીષીઓ અને ચંદ્રગુપ્ત - અશોકથી લઈ નહેરુ-સરદાર સુધીના શાસકોની પરંપરાનો હવાલો આપ્યો. ગાંધીજીના વિચારોને આત્મસાત કરનારા પ્રણબદાને ગરીબોની ફિકર છે. વિવેકાનંદની ભૂમિમાંથી આવતા રાજપુરુષ માટે તો કદાચ રોટલો જ ખરો ધર્મ છે. એમની સંઘ કાર્યક્રમની સામેલીગીરીથી એમના વ્યક્તિત્વનો વ્યાપ વિસ્તર્યો છે.

સો વર્ષ પહેલાં ગાંધીએ ગામડે ગામડે સમાજ ફાયનાન્સ શાળાઓ ખોલી

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

દ.આફ્રિકાથી ભારત આવ્યા પછીના બે વર્ષ બાદ ગાંધીએ સૌથી પહેલો લોકલડતનો સત્યાગ્રહ ચંપારણમાં શરુ કર્યો હતો. આ સત્યાગ્રહમાં લડતો તો હતી દાદાગીરીથી ફરજીયાત પણે ગળીનો ખેતી જેમને કરાવવામાં આવતી હતી તેવા ખેડૂતોને આ જીવતા દોઝખમાંથી છોડાવવાની. પણ સમાજજીવનના અભ્યાસુ એવા ગાંધીએ ગળીની ખેતી કરાવતા અંગ્રેજ માલિકો નીલવરોના અત્યાચારમાંથી સ્થાનિક ખેડૂતોને છોડાવ્યાથી કે મુક્તિ મેળવવા માટેની સીમિત લડાઈ રાખી નહીં. પણ એમણે સમગ્ર રીતે સામાજિક - આર્થિક પછાતપણું છોડાવવાના પ્રયાસો કર્યા હતા. ચંપારણના ખેડૂતોના પ્રશ્નોની લડાઈના સમયે તેમણે એ વિસ્તારના અક્ષિશિત માટે શાળાઓ શરુ કરીને સામાજિક પરિવર્તનની દિશા ખોલી આપી હતી.

ગાંધીજી લખે છે : 'જેમ જેમ હું અનુભવ મેળવતો ગયો તેમ તેમ મને લાગ્યું કે ચંપારણમાં બરોબર કામ કરવું હોય તો ગામડામાં કેળવણીનો પ્રવેશ થવો જોઈએ. લોકોનું અજ્ઞાન દયાજનક હતું. ગામડામાં છોકરાઓ રખડતાં હતા. અથવા માબાપો તેમને દિવસના બે કે ત્રણ પૈસા મળે તેટલા સારું આખો દહાડો ગળીના ખેતરોમાં મજૂરી કરાવતાં. આ સમયે પુરુષોની મજૂરી દસ પૈસા કરતા વધારે ન હતી. સ્ત્રીઓની છ પૈસા અને બાળકોની ત્રણ. ચાર આનાની મજૂરી મળે તે ખેડૂત ભાગ્યશાળી ગણાય. ' (સંદર્ભ : સત્યના પ્રયોગો, પૃષ્ઠ : ૩૮૭, નવજીવન પ્રકાશન, અમદાવાદ.

- ચંપારણના પગે ચાલીને ગામડે ગામડે જઈને જાત તપાસ કરી હતી એ તપાસના તારાતમ્ય રૂપે અન્યાય અને અત્યાચાર દૂર કરવાનું એક મોટું સાધન ગાંધીજીને અક્ષરજ્ઞાનમાં જણાયું. અને ગાંધીને જે લાગ્યું એ મુજબ સમાજજીવનનો ઘાટ ઘડવા માટે તેમણે ચંપારણના ગામડે ગામડે શાળાો શરુ કરવાના પ્રયાસો શરુ કરી દીધા.

આજના સેલ્ફ ફાયનાન્સ શિક્ષણના દિવસોમાં ગાંધીની સમાજ ફાયનાન્સ સ્કૂલએ સમજવા જેવું છે. ગાંધીએ લડતના સાથીઓ સાથે વિચારવિર્મશ કરીને ચંપારણના છ ગામડાઓમાં બાળકો સારું નિશાળ ખોલવાનો શરતી ઠરાવ કર્યો. ઠરાવમાં શરત એવી હતી કે જે છ ગામડાઓમાં નિશાળ ખોલવાની છે એ ગામના આગેવાનોએ મકાન અને શિક્ષકનું ખાવાનું આપવાનું અને શાળા માટેનું અન્ય જે કાંઈ ખર્ચ થાય એ ગાંધી અને તેમના સ્થાનિક સાથીઓ આપે. બિહારના ગામડાઓમાં પૈસાની છોળ નહોતી ઊડતી. પણ અનાજ સહિતને જરૂરી ખાદ્ય સામાન પૂરું પાડવાની લોકોમાં શક્તિ હતી, એટલે સ્થાનિક ગ્રામીણોએ કાચું અનાજ - શાકભાજી આપવા માટે તૈયારી બતાવી ને સમાજ ફાયનાન્સ શાળા શરૂ કરવામાં ઉત્સુકતા દાખવી.

અન્યાય અને અત્યાચારને અક્ષરજ્ઞાન રૂપી અજવાળાથી ભરવાનો ગાંધી વિચાર

પણ શાળાના મકાન અને શિક્ષકોના ખાવાની વ્યવસ્થાથી શાળા શરૂ થોડી થઈ જાય ? સૌથી મોટો પ્રશ્ન તો શાળામાં ભણાવવા માટે શિક્ષકો કયાંથી લાવવાએ સૌથી મોટો પ્રશ્ન હતો. ગાંધીની દૃષ્ટિએ તો આ પ્રશ્ન મહાપ્રશ્ન હતો કારણ કે સ્થાનિક બિહારમાંથી ટૂંકો પગાર લેનારા કે કંઈ ન લેનાર એવા સારા શિક્ષકો મળવા મુશ્કેલ હતું એમ તેમને પણ લાગતું હતું. વળી પાછા આ તો ગાંધી એમની કલ્પના દરેક વિદ્યાર્થી બાળકના માતા-પિતા જેવી જ, કે સામાન્ય શિક્ષકના હાથમાં બાળકો ન જ મુકાય. ગાંધીનું મન તો એ દરેક ભારતીયના વાલી હોય એમ જ વિચારે ને, અને એ પણ હતા તો સાચા અર્થમાં વાલી જ ને, ગાંધીએ સ્પષ્ટ કહ્યું જ છે : શિક્ષકને અક્ષરજ્ઞાન ભલે ઓછું હોય, પણ તેનામાં ચરિત્રબળ જોઈએ.

ઓછા પગારના કે કોઈ પણ વેતન વગર શિક્ષક તરીકે કામ કરવા માટે બિહારમાંથી કોઈ તૈયાર થાય એવી શક્યતાઓ નહીંવત હોઈ ચંપારણના ગામડાનાં બાળકોના શિક્ષણ માટે જરૂરી શિક્ષકો માટે દેશના અન્ય ખૂણે કાર્યરત કાર્યકરોને શિક્ષણ કામ માટે સ્વયંસેવકોની ગાંધીજીએ જાહેર માગણી કરી. તેના જવાળમાં ગંગાધરરાવ દેશપાંડેએ બાબાસાહેબ સોમણ અને પુંડલિકને શિક્ષણ સેવા માટે મહારાષ્ટ્રમાંથી મોકલ્યા. તો મુંબઈથી અવંતિકાભાઈ ગોખલે અને દક્ષિણથી આનંદીબાઈ આવી પહોંચ્યા હતા. ગાંધીજીએ છોટેલાલ, સુરેન્દ્રનાથ અને પોતાના દીકરા દેવદાસને શિક્ષક તરીકે સેવા માટે તેડાવી દીધા હતા. તેમની પાસે મહાદેવ દેસાઈ અને નરહરિ પરીખ તો હતા જ. આ બંને યુવાનોના પત્ની દુર્ગાબેન દેસાઈ અને મણિબેન પરીખ પણ સેવા માટે હાજર

અનુસંધાન પાના નં ૭ પર

સવ્યસાચી : ધીરુભાઈ ઠાકર

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સંવેદના તેમજ આત્મીયતાના ભાવ એ તો કુદરતની દેણગી છે. માનવજીવન આવા ભાવથી વૈશાખના ગુલમહોરની જેમ મહોરી ઉઠે છે. મહાત્મા ગાંધીના મતે કહેવાતા ભણેલા લોકોની સમાજ પ્રત્યેની બીન સંવેદનશીલતા એ સૌથી મોટો ચિંતાનો વિષય હતો. આજે પણ આ મંતવ્ય એટલુંજ ઉચિત છે. આ સંદર્ભમાં વિશ્વકોશના જનક એવા ધીરુભાઈ ઠાકર (૧૯૧૮-૨૦૧૪) નું સ્મરણ એમની જન્મજયંતીના માસમાં થાય ત્યારે આ ધોમધખતા તાપમાં પણ મનમાં શાંતિ તથા શિતળતાની પ્રસન્નતા થાય છે. ધીરુભાઈ ઠાકર વિશેનો આવો યાદગાર અનુભવ જયદેવ શુકલએ લખ્યો છે. જયદેવ શુકલને મોડાસા કોલેજમાં અધ્યાપકની જગા માટેનો ઈન્ટરવ્યુ હતો. સાંજે તેમનો ક્રમ આવ્યો ઈન્ટરવ્યુની વિધી પૂરી થયા પછી જયદેવભાઈએ ઠાકર સાહેબેને પૂછયું : '' વડોદરા તરફ જતી કોઈ બસ હવે સાંજના સમયે મળી શકશે ? '' ઠાકર સાહેબે સ્નેહથી જવાબ આપ્યો કે હવે આ સમયે વડોદરા તરફ જતી કોઈ બસ નથી. આટલો હકીકતલક્ષી પ્રત્યુત્તર આપીને સામાન્ય રીતે આપણે વાતચીતનો અંત લાવીએ. પરંતુ અહીં ઠાકર સાહેબ હતા જેમને સામા વ્યકિતની સગવડ - અગવડ તરફ એક સંવેદનાનો ભાવ હતો. ઠાકર સાહેબે જયદેવ શુકલને ચિંતામુક્ત કરતા ધરપત આપી કે મોડાસા કોલેજની હોસ્ટેલમાં તેમના રહેવાની તથા જમવાની સુવિધા થઈ જશે. હોસ્ટેલના રેકટરને ધીરુભાઈની સુચના હોવાથી રહેવા - જમવા વગેરેનો ચાર્જ લીધા સિવાય જયદેવભાઈની મહેમાનગત કરવામાં આવી ! સામાન્ય જણાતી આ ઘટનામાં ધીરુભાઈનું સંવેદનશીલ તથા રુજુ વ્યકિતત્વ પ્રગટ થાય છે. ઠાકર સાહેબ જેવા વિદેવતજનોથી આપણે ભર્યા - ભાદર્યા છીએ એવી પ્રતિતિ થાય છે. ૨૭ જુને ધીરુભાઈની જન્મજયંતી આવે છે. તેથી અનેક લોકોને તેમનું પુણ્યસ્મરણ થવું સ્વાભાવિક છે. સંસ્થાઓનું નિર્માણ કરનાર ધીરુભાઈ આવી સંસ્થાઓના અનેક કાર્યો થકી આજે પણ જીવંત છે, ધબકતા છે.

સિંહગિરા સોરઠમાં ૧૯૧૮માં જન્મેલા સાક્ષર ડૉ. ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર (તખલ્લુસઃ સવ્યસાચી) ૨૦૧૪ ના જાન્યુઆરીની ૨૪મી તારીખે એક જીવનમાં અનેક જીવનના કામ નિપટાવીને મહાપ્રયાણ કરી ગયા. ભારત સરકારે ૧૯૧૪ ના વર્ષમાંજ ''પદ્મભૂષણ'' નો એવોર્ડ આપીને આ વિચારબીજના વાહકને વધાવ્યા. સુયોગ્ય સ્થળે પહોંચેલા એવોર્ડનો આનંદ અનેક લોકોના મનમાં હતો. એ સાથેજ ધીરુભાઈને ગુમાવ્યાનો ઊંડો રંજ હતો. તેજ-છાયાને તાણેવાણે આ જીવતરનું ગાડું વહેતું રહે છે. આથી આ ખુશાલી અને ખોટને સમાજે સ્વસ્થતાપૂર્વક સ્વીકારવાનો પ્રયાસ કર્યો. ધીરુભાઈ વિશ્વકોશનો ગુલાલ ઉડાડીને ગયા છે તેના રંગો કાળના વહેતા પ્રવાહમાં ઝાંખા પડે તેવા નથી. ''મકરન્દી મીજાજ'' માં પ્રગટેલા શબ્દો યાદ આવે.

અમે તો જઈશું અહીંથી
આ અમારો ઉડાડ્યો ગુલાલ રહેશે.
ખબર નથી શું કરી ગયા
પણ કરી ગયા તેની કમાલ રહેશે.

ગીતાકારે પ્રબોધેલી ''કર્મણ્યેવાધિકારસ્તે, મા ફલેષુ કદાચિન્'' એ વાત સાંભળવા તો અવારનવાર તથા અનેક પ્રસંગોએ મળે છે. આ વાત કરવી સહેલી છે પરંતુ વાસ્તવમાં તેને જીવી જાણવી મુશ્કેલ છે. આથી કેટલાક વીરલાઓ જે આ વાતને પોતાના જીવતર થકી ઉજાળે છે તેમના જીવન સમક્ષ સમાજ અહોભાવપૂર્વક નતમસ્તક થાય છે. નિરંતર કર્મની જ્યારે વાત કરીએ ત્યારે શ્રી ધીરૂભાઈ ઠાકરની સ્મૃતિ થવી સ્વાભાવિક છે. આપણી નજર સમક્ષ હજુ ગઈકાલ સુધી ઉન્નત તથા અર્થસભર જીવતર જીવી જનાર ઠાકર સાહેબ નવા ચિલા પાડીને ગયા. થાક તથા નિરાશાનો ઓછાયો પણ તેમના જીવનમાં પડ્યો હોય તેમ લાગતું નથી. વિશ્વકોશના આ જગનન્નાથના રથને ખેંચવા જેવું કપરું કામ નહિતર કેવી રીતે થયું હોત ? ઈન્દુલાલ યાજ્ઞિકજેવા ઝંઝાવાતી કર્મવીર જેના સર્જન સાથે સંકળાયેલા છે તેવી '' મોંઘેરી ગુજરાત '' ની એક અલગ રાજય તરીકે ૧૯૬૦ માં રચના થઈ. ગુજરાતની સ્થાપના પછીના પાંચ દાયકામાં થયેલા ઐતિહાસિક કાર્યોની સૂચિ તૈયાર કરીએ તો તેમાં વિશ્વકોશની સ્થાપના અને તેના યોગદાનની વાત અચૂક આવે તેમ કહેવામાં સહેજપણ અતિશયોક્તિ નથી. એક હજાર પૃષ્ઠનો એક એવા પચીસ ગ્રંથોની વિપુલ સામગ્રી તૈયાર કરીને જગતના ચોકમાં મૂકવી તે ગુજરાત રાજયની સ્થાપના પછીના વર્ષોની એક જવલંત ઘટના છે. વિશ્વના કોઈપણ ખૂણે વસનાર ગુર્જર આ યશસ્વી કાર્ય માટે ગૌરવનો ભાવ અનુભવી શકે છે. ઠાકર સાહેબે જાતે તો કાર્ય કર્યુ જ પરંતુ આ કામની અવિરત પ્રગતિ માટે મજબૂત ટીમવર્ક તથા સંસ્થાગત માળખું પણ ઉભુ કર્યુ. વિશ્વકોશનું ભગીરથ કાર્ય સતત ચાલતું રહે તથા અનેક વિષયોના સંદર્ભમાં જ્ઞાનઉપાસનાનો યજ્ઞ જવલંત રહે તે માટે આવા સંસ્થાકીય માળખાની અનિવાર્યતા ઠાકર સાહેબની દ્રષ્ટિ બહાર ન હતી.

ધીરુભાઈ જીવનની છેલ્લી ક્ષણ સુધી સક્રિય રીતે કાર્યરત રહ્યા. શ્રી નારાયણ દેસાઈ ધીરુભાઈને ચિરયુવા કહેતા તે યથાર્થ છે. સાહિત્યના સર્જન વચ્ચે પણ ધીરુભાઈમાં રમૂજવૃત્તિ અને હળવાશ કાયમ રહ્યા તે વાત ધીરુભાઈના પુત્રી હીનાબહેને કરી છે તે ઠાકર સાહેબના ભાતીગળ વ્યકિતત્વને ઉજાગર કરે છે. વિશ્વકોષ તેમજ હવે ખાસ બાલ વિશ્વકોષના આ અમૂલ્ય ગ્રંથો આપણાં ગ્રંથાલયની શોભા વધારે તેવા છે. કોલેજો તેમજ માધ્યમિક શાળાઓના વ્યાખ્યાતાઓ તેમજ વિદ્યાર્થીઓને સંદર્ભ ગ્રંથ તરીકે ખૂબજ ઉપયોગી બને તેવા છે. પડકાર આપણી સામે એ છે કે આપણે તેનો કેટલો ઉપયોગ કરવાની આદત કેળવીએ છીએ. આવી આદત કેળવવાની જવાબદારી આપણી સૌની છે – સામુહિક છે. શ્રી ધીરૂભાઈ ઠાકર જેવા કર્મયોગીનું જીવન ગુજરાતની આજની તથા આવતી કાલની પેઢીઓને ચરૈવેતી... ચરૈવેતી... નો અર્થસભર સંદેશ ચિરકાળ માટે સંભળાવતું તથા પ્રેરણા આપતું રહેશે તે નિર્વિવાદ છે. જ્ઞાન ઉપાસનાનું આ કાર્ય ગુજરાતને એક નવી ઓળખ આપે તેવું છે.

વિશ્વકોશના આ મહાયજ્ઞમાં આહૂતિ આપનાર પૂજ્ય મોટા, સાંકળચંદ પટેલ (વિસનગર) તથા ધીરુભાઈ ઠાકરના આપણે સૌ ગુજરાતીઓ સદાકાળ ઋણી રહીશું. મહારાજા ભગવતસિંહજીએ તેમજ ધીરુભાઈ ઠાકરે કરેલી ગુજરાતી ભાષાની સેવા આ વિષયમાં કામ કરતાં દરેક લોકો માટે સદાકાળ પ્રેરણારૂપ બની રહે તેવી છે.

જીવન ફરીવાર મળતું નથી...

જબ ઝીંદગી એકબાર મીલી હૈ, તો દો બાર ક્યૂં સોચે ?
- ડર્ટી પિકચર
'ડર્ટી પિકચર' ફિલ્મમાં વિદ્યાબાલનનું પાત્ર

આ કૉલમ દ્વારા સંસ્કૃતને ચિરકાલજય ભાષાને સમાજના યુવાનો અને બાળકો તથા હર એક જિજ્ઞાસુ સુધી પહોંચતી કરવાની નેમ છે.. આપણું તત્ત્વજ્ઞાન આપણી ભાષાના વિચારો સદીઓ પુરાણા હોવા છતાં કેટલા પ્રસ્તુત છે, તે આપણે સહુ જાણીએ છીએ.

ફિલ્મો આપણો રસનો વિષય હોવાનો જ. માટે સંવાદ - સંસ્કૃત - વિચાર સાયુજ્યને - સેતુ નિર્માણનું કપરું કાર્ય હાથમાં લીધું છે... સંસ્કૃતના વિદ્યાર્થી અને શિક્ષક હોવાના નાતે કાયમ ભાષા પ્રત્યેનું ઋણ ચૂકવવાની ખેવના હતી જ. તે આ નવતર પ્રયોગ સાથે પ્રસ્તુત કરું છું.આશા છે... આપ આ કોલમને પણ ૧૩ વર્ષથી ચાલતી આવતી 'વિચારયાત્રા'ની જેમ જ વધાવી લેશો... ધન્યવાદ...

ડૉ. જય ઓઝા

ડાયલોગથી દેવભાષા
ડૉ. જય ઓઝા

બિન્દાસ્ત દર્શાવવામાં આવ્યું છે, અને તે આ સંવાદ બોલે છે... આ જ સંવાદ સાથે સામ્યતા ધરાવતું એક સુભાષિત ચાણક્યનીતિમાં મળી આવે છે.

પુનર્વિતં પુનિર્મિત્રં પુનર્ભાર્યા પુનર્મહી।
એતત્ સર્વં પુનર્લભ્યં ન શરીરં પુનઃ પુનઃ॥

● અર્થ :

ધન ફરી મેળવી શકાય છે, મિત્ર અનેક મળે છે, પત્ની પણ ફરી મેળવી શકાય છે. આ બધું જ મનુષ્યને વારંવાર મળી શકે છે... પણ જીવન ફરીવાર મળતું નથી...

'ડર્ટી પિકચર' ના સંવાદ લેખક રજત અરોરા તો કયારે ચાણક્ય નીતિ વાંચવા ગયા હશે, તે તો ભગવાન જાણે... પરંતુ સત્ય હકીકત એ જ છે કે સંસ્કૃત સાહિત્યનો અમૂલ્ય ખજાનો અતિવિશાળ છે, અને અહીં દરેક ડૂબકી લગાવતા મરજીવાને સૂક્તિ રૂપી મૌક્તિક અચૂક મળી જ આવે છે...

ખૂબ જ વિચાર કરી કરીને જીવનારા આપણે બીજા શું વિચારશે તે જ વિચારને 'પીષ્ણપેષણ ન્યાયે' જો વિચારતા રહીશું તો, પછી જીવીશું ક્યારે? ૮૪ લાખ યોનિમાં માણસનો અવતાર મહામહેનતે અને પુણ્યકર્મ પછી જ પ્રાપ્ત થાય છે,તો આ મનુષ્ય અવતારને પણ આપણે ચિંતા, વિચારવાયુ અને બીજાના દૃષ્ટિકોણથી પરવામાં દઈશું તો દુઃખી થવાના જ વારો આવશે...

રવિવારે કલ્પેશ પટેલ દ્વારા વાર્તાપઠન

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃતસંચય

● ગરવી ગુર્જરધરાના પનોતા ગુજરાતી સાહિત્યના સંવર્ધન, પ્રચાર અને પ્રસાર સારુ તથા આ ગુજરાતી સાહિયને મઘમઘતું - મહેકતું અને ધબકતું રાખવા ગાંધીનગર સાહિત્યસભા દ્વારા અવનવા સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, તે અંતર્ગત ચાલુ માસની બેઠકમાં તા. ૧૦-૬-૨૦૧૮ને રવિવારના રોજ, સાંજના પ.૩૦ વાગે, નમન એપાર્ટ., સેકટર-૨૧, ગાંધીનગર ખાતે, સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉ અધ્યક્ષસ્થાને, ગાંધીનગરના જાણીતા નવલકથાકાર - વાર્તાકાર અને ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી કલ્પેશ પટેલ દ્વારા તેઓનું વાર્તાપઠન કરવામાં આવશે તથા તેઓની સર્જનયાત્રા વિષેનો ગોષ્ઠિ કાર્યક્રમ રહેશે. આથી આ સાહિત્યિક કાર્યક્રમને માણવા અચૂક પધારવા; નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો તથા સર્વે સભ્યોને જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● સાહિત્ય, શિક્ષણ અને સમાજસેવાના ત્રિમંત્રને વરેલા સંસ્થા 'ત્રિદલ' ની એક સાહિત્યિક બેઠક ૨૭મી મે, ૨૦૧૮ના રોજ, નમન એપાર્ટમેન્ટ, સે.૨૧ ખાતે પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીની નાદુરસ્ત તબિયતને કારણે અનુપસ્થિતિમાં, નટવર હેડાઉના અધ્યક્ષ સ્થાને સંપન્ન થઈ, આ સભામાં, અગાઉથી અપાયેલ ગઝલ પંક્તિ, 'ખિઝાંના દોરમાં જુઓ બહારો લઈ આવ્યો છું.' ઉપરથી પાદપૂર્તિ કરીને લખાયેલા ગઝલો સર્વ સુમંત શાહ, એન.ડી. જોષી, મૂળજી પરમાર 'દધિ' અને 'ઈશ્વરભાઈ દેવશંર જોષીએ રજૂ કરી હતી. ગુલાબચંદ પટેલ તેઓની હિન્દી રચના રજૂ કરી હતી. ' નટવર હેડાઉ એ અધ્યક્ષીય પ્રવચનમાં 'ગઝલ' વિશેષની સમજૂતિ આપી હતી. સમગ્ર સભાનું સંચાલન મૂળજી પરમારે કર્યું હતું.

● ગુજરાતી સાહિત્યના બહુઆયામી સાહિત્યકાર પદ્મશ્રી પ્રવીણ દરજીને પ્રિયદર્શિની એકેડમી ગ્લોબલ એવોર્ડઝ કાર્યક્રમમાં મુંબઈ ખાતે મુંબઈના ગવર્નર વિદ્યાસાગર રાવના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરાના સંયુક્ત ઉપક્રમે 'સાહિત્ય અને સિનેમા : આંતરસંબંધ' અંગે એક કાર્યશાળા યોજાઈ ગઈ. આ કાર્યશાળાના અધ્યક્ષ તરીકે ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક પ્રા. અનામિક શાહ અને અતિથિ વિશેષ તરીકે ડૉ. વિષ્ણુ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યશાળામાં પ્રો. રાકેશ દેસાઈએ ફિલ્મ 'અર્થ' વિશે અને પ્રો. મીનલ દવેએ ફિલ્મ 'સરસ્વતી ચંદ્ર' વિશે, પિયૂષ શાહે 'પુસ્તકથી પડદા સુધી' વિષે બકુલ ટેલરે ફિલ્મ 'શતરંજ કે ખિલાડી વિષે અને ડૉ. શરીફા વીજળીવાળાએ 'સૂરજ કા સાતવા ઘોડા' વિષે રસપ્રદ વકતવ્યો આપ્યા હતા. સમાપન સમારોહના અધ્યક્ષ તરીકે ડૉ. કનૈયાલાલ નાયક (સંયોજક - મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરા) અને અતિથિ વિશેષ તરીકે અકાદમીના મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણ